# Navjivan Science College, Dahod

# CWDC

**(COLLEGIATE WOMEN'S DEVLOPMENT CELL)**

## Annual Report

## 2025-26

## 1. મહેંદી સ્પર્ધા

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે તા. 17/07/2025ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ 7 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાનું મૂલ્યાંકન નિષ્ણાત જજ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં માલી જિનલએ 69 ગુણ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, નાઈ વંશિકાએ 60 ગુણ સાથે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું અને પઠાણ ઝેનબએ 58 ગુણ મેળવી તૃતીય સ્થાન મેળવ્યું હતું. તમામ સ્પર્ધકોએ પોતાની સર્જનાત્મકતા અને કળાત્મકતા સુંદર રીતે રજૂ કરી હતી, જેના કારણે કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો

## Mahendi Compitition 2025-26



## 2. ઓરિએન્ટેશન કાર્યક્રમ

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે તા. 18/07/2025ના રોજ ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ 82 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીનીઓને CWDC વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ મહિલા સશક્તિકરણ અંગે સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો અને તેમની વ્યક્તિગત તથા સામાજિક વિકાસ માટે માર્ગદર્શન આપવાનો હતો.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમિતિના સભ્યો તરીકે શીખા મોઢિયા, ભૂમિ તિલવાણી, સુનંદા ખપેડ અને કોઓર્ડિનેટર તરીકે ડૉ. નીખત વોહરા નો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો.

Orientation Programme 2025-26



### 3. ખુશી NGO કાર્યક્રમ

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે તા. 19/07/2025ના રોજ ખુશી NGO દ્વારા એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ 72 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને માસિક ચક્ર (Menstrual Cycle) અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી તેમજ સ્વચ્છતા અને આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓમાં આરોગ્ય અંગે સમજ વધારવાનો અને ગેરસમજો દૂર કરવાનો હતો. કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.





4. ઓનલાઇન વેબિનાર

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે તા. 01/09/2025ના રોજ "Women in Leadership Roles" વિષય પર ઓનલાઇન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં મહિલાઓના નેતૃત્વના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન અને તેમની ભૂમિકા વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રેરણા મળી અને તેમના વ્યક્તિત્વ વિકાસ માટે માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.આ વેબિનારમાં શીખા મોઢિયા દ્વારા હાજરી આપવામાં આવી હતી.


Certi. No.: WEB/2023-24/2084

Education Department, Govt. of Gujarat
Knowledge Consortium of Gujarat
Online Webinar
Certificate of Participation

This is to certify that Mr./Ms./Mrs. Shikha Pradipkuar Modhiya has attended online webinar on "Women Rights" dated 20/03/2024, under the initiative TEERTH organized by Knowledge Consortium of Gujarat, Education Department, Government of Gujarat.

Dr. Mahesh Patel, OSD, KCG
Prof. A.U.Patel, Advisor, KCG
Shri Gurav Dinesh Ramesh, IAS, CEO, KCG

## 5. વક્તૃત્વ સ્પર્ધા

તા. 12/12/2025ના રોજ ભગિની સમાજદ્વારા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નવજીવન સાયન્સ કોલેજની વિદ્યાર્થીની શેઠ દર્શની એમ.એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીએ આત્મવિશ્વાસ સાથે પોતાના વિચારો રજૂ કર્યા અને પોતાની વક્તૃત્વ કળા દ્વારા સૌને પ્રભાવિત કર્યા. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો અને ભાગ લેનાર વિદ્યાર્થીની માટે પ્રેરણાદાયક અનુભવ રહ્યો.



**Darshani Sheth**

**B.Sc. Sem-4**

## 6. ગાયનેકોલોજિસ્ટ સેમિનાર

તા. 28/01/2026ના રોજ ગાયનેકોલોજિસ્ટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કુલ 33 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગાયનેકોલોજિસ્ટ દ્વારા માસિક ચક્ર (Menstrual Cycle) વિશે તેમજ મહિલાઓમાં થતા કેન્સર વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સ્ત્રી આરોગ્ય અંગે જાગૃતિ વધારવા અને યોગ્ય સમજણ મેળવવા માટે આ સેમિનાર ખૂબ જ ઉપયોગી સાબિત થયો. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો અને હાજર રહેલા વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક રહ્યો.






**7. “નારી ગૌરવ નીતિ (Women Empowerment)”**

તા. 30/01/2026ના રોજ “નારી ગૌરવ નીતિ (Women Empowerment)” વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલાઓના સશક્તિકરણ અંગે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, જેમાં મહિલાઓના અધિકારો, સ્વાવલંબન અને સમાજમાં તેમની ભૂમિકા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમિતિના સભ્ય તરીકે શિખા પી. મોઢિયા નો સહયોગ રહ્યો હતો.

